# વિશ્વ ન્યાય મંદિર

## રિઝવાન ૨૦૧૬

વિશ્વના બહાઈઓને

પરમપ્રિય મિત્રો,

ઉત્સવોના સમ્રાટના આગમન સાથે આગળની વૈશ્વિક યોજના માટેની તૈયારીનો સમય પુરો થાય છે : હવે સાહસ, દ્રઢ સંકલ્પ અને સંસાધનોના એક નવા પાંચ વર્ષિય સમર્પણ માટે અમે પરમેશ્વરના મિત્રોને આહ્વાન કરીએ છીએ.

બહાઉલ્લાહના વફાદારોની સેના તૈયાર ઉભી છે. તાજેતરના મહિનાઓમાં, વિશ્વભરમાં આયોજિત સંસ્થાગત સંમેલનોએ આ મહાન ઉદ્યમ શરૂ કરવાની આતુરતાના ક્રમશઃ ચિન્હો પુરા પાડયા છે. સલાહકારોના સંમેલનને સંબોધિત સંદેશની આવશ્યકતાઓને પહેલાંથી જ, નિર્ણાયક કાર્ય-યોજનાઓમાં પરિવર્તિત કરવામાં આવી રહેલ છે. દશકાઓના વીરતાપૂર્ણ પુરૂષાર્થે સમુદાયને ઘડયો છે અને તેણે  વિકાસને પોષિત કરવા માટે પ્રમાણિત ક્ષમતાની માત્રા અર્જિત કરેલ છે જે આ ઘડીએ પોલાદ જેવી બની ગઈ છે. ખાસ કરીને, છેલ્લા બે દશકાએ  કાર્યકુશળતાની આ ઈચ્છિત વૃધ્ધિમાં, નોંધપાત્ર પ્રગતિ કરી છે.

આ સમયગાળા દરમિયાન, એક વિકસિત રૂપરેખાના અનુસરણે, મિત્રોને આવશ્યક ક્ષમતાઓનો ઉત્તરોત્તર વિકાસ કરવા અને તેને નિખારવા યોગ્ય બનાવ્યા, જેણે શરૂઆતમાં સેવાના સરળ કાર્યોને આગળ વધાર્યા, જેણે કાર્યની વધારે વ્યાપક પ્રણાલી તરફ દોરવણી આપી, જેણે તેના બદલામાં અધિક જટિલ ક્ષમતાઓના વિકાસની માંગણી કરી. આવી રીતે, હજારો ક્લસ્ટરોમાં માનવ સંસાધન વિકાસ અને સમુદાય નિર્માણની એક પધ્ધતિસર પ્રક્રિયાની શરૂઆત કરી દેવામાં આવી છે  અને તેમાંથી અનેક ક્લસ્ટરોમાં, તેણે ઘણી વધારે પ્રગતિ કરી છે. સંપુર્ણ ધ્યાન માત્ર વ્યક્તિગત શ્રધ્ધાળુ અથવા સમુદાય કે પ્રભુધર્મની સંસ્થાઓ ઉપર જ કેન્દ્રિત ન હતું; દિવ્ય યોજનાના અનાવરણ દ્વારા વિમુક્ત કરાયેલ આધ્યાત્મિક શક્તિઓથી નવી વિશ્વ વ્યવસ્થાના વિકાસના આ ત્રણે અવિભાજ્ય ઘટકો પ્રેરિત થઈ રહ્યા છે. તેમના વિકાસના ચિન્હો અધિકાધિક વધારે દ્રશ્યમાન થઈ રહ્યા છે : જેમકે, બહાઉલ્લાહની જીવન ગાથા વિશે વાત કરવા અને તેમનું પ્રગટિકરણ તથા અતુલનિય સંવિદા વિશે ચર્ચા કરવાના સંદર્ભમાં અસંખ્ય શ્રધ્ધાળુઓએ પ્રાપ્ત કરેલ આત્મવિશ્વાસમાં; આત્માઓના વધતા જતા સમુહમા, જેઓ તેના પરિણામ સ્વરૂપે તેમના ધર્મ પ્રત્યે આકર્ષિત થયા છે અને તેના એકતાના ઉદ્દેશની સિધ્ધિમાં યોગદાન આપી રહ્યા છે; સમુદાયના તૃણમુલ સ્તરે જે પ્રક્રિયા ચારિત્રમાં પરિવર્તન લાવવા અને સામાજિક અસ્તિત્વને ઘડવાની ક્ષમતા ધરાવે છે તેનું આકર્ષક શબ્દોમાં વર્ણન કરવાની બહાઈઓ અને તેમના મિત્રોની ક્ષમતામાં; એક દેશના મૂળ નિવાસીઓની નોંધપાત્ર રીતે વધતી જતી વિશાળ સંખ્યામાં, જેઓ બહાઈ સંસ્થાઓ અને એજન્સીઓના સભ્યોના રૂપમા, હવે તેમના સમુદાયોના કાર્યોનું માર્ગદર્શન કરે છે; ભરોસાપાત્ર, ઉદાર અને ત્યાગપૂર્ણ ફાળામાં, જે પ્રભુધર્મની પ્રગતિના સાતત્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે; સમુદાય નિર્માણની પ્રવૃતિઓની સહાયતા માટે વ્યક્તિગત પહેલ અને સામુહિક કાર્યની અભૂતપૂર્વ પ્રફૂલ્લિતતામાં; ભર યુવાનીમાં એટલા બધા નિસ્વાર્થી આત્માઓના ઉત્સાહમાં જેઓ આ કાર્યમાં વિશેષ જોષ લાવી રહ્યા છે, ખાસ કરીને તેમનાથી નાની પેઢીની આધ્યાત્મિક કેળવણીમાં સેવા આપીને; આરાધના માટેની નિયમિત બેઠકો દ્વારા સમુદાયના ભક્તિમય ચારિત્રના વધારામાં; દરેક સ્તરે બહાઈ વહિવટીય વ્યવસ્થાની ક્ષમતામાં થયેલ વધારામાં; સંસ્થાઓ, એજન્સીઓ અને વ્યક્તિઓની પ્રક્રિયાના સંદર્ભમાં વિચાર કરવાની તત્પરતામાં, જે જગ્યાએ તેઓ રહે છે ત્યાંની તાતી વાસ્તવિકતા સમજવા અને તેમના સંસાધનોનું મુલ્યાંકન કરવા તથા તેના આધારે યોજના બનાવવામાં; અભ્યાસ, પરામર્શ, કાર્ય અને ચિંતનની હાલમાં સુપરિચિત ગતિશીલતામાં જેણે શીખવાના સહજ વલણને જન્મ આપ્યો છે; સામાજિક -કાર્ય દ્વારા 'દિવ્ય શિક્ષણો'ને પ્રભાવ પ્રદાન કરવાનો અર્થ શું થાય છે તેની વધતી જતી સમજમાં; સમાજમાં    પ્રવર્તમાન સંવાદોમાં બહાઈ દ્રષ્ટિકોણ પ્રસ્તુત કરવા માટે અવસરો શોધવા અને તેને ઝડપી લેવાના વધારામાં; એક વિશ્વવ્યાપી સમુદાયની જાગૃતિમાં જે, તેના બધા પ્રયત્નોમાં, પ્રભુધર્મમાં

અંતઃનિહિત સમાજ નિર્માણની શક્તિના પ્રગટિકરણ દ્વારા દિવ્ય સંસ્કૃતિના વિકાસમાં તીવ્રતા લાવી રહી છે; મિત્રોની વધતી જતી સભાનતામાં કે, આંતરિક પરિવર્તનને પોષિત કરવાથી, એકતાના વર્તુળના ઘેરાવનું વિસ્તરણ કરવાથી, સેવાના ક્ષેત્રમાં બીજાને સહયોગ કરવાથી, લોકોને પોતાની આધ્યાત્મિક, સામાજિક અને આર્થિક વિકાસની જવાબદારી ઉપાડી લેવામાં તેમની સહાયતા કરવાના તેમના પ્રયત્નો દ્વારા - અને એવા બધા પ્રયત્નો દ્વારા તેઓ દુનિયાની પ્રગતિ કરવાના - ધર્મના મૂળભૂત ઉદ્દેશની અભિવ્યક્તિ કરે છે.

બહાઈ સમુદાયની પ્રગતિને સમગ્રપણે અંકિત કરવાનું કોઈ એકમાત્ર પ્રમાણ નહિ હોવા છતાં, આખા વિશ્વમાં એવા કલસ્ટરો જ્યાં વિકાસના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે તેની સંખ્યાથી ઘણો બધો નિષ્કર્ષ કાઢી શકાય છે, 'આભા સૌંદર્ય' દ્વારા પ્રદિપ્ત કૃપા પ્રત્યે કૃતજ્ઞતા સાથે, અમો પુષ્ટિ કરીએ છીએ કે આ સંખ્યા ૫૦૦૦ ને પાર કરી ગઈ છે. તેના જેવો એટલો વિશાળ પાયો, જે કાર્ય હવે બહાઈ વિશ્વ સમક્ષ છે તેનું વહન કરવા માટે એક પૂર્વ-જરૂરીયાત હતી - દરેક કલસ્ટરમાં જ્યાં વિકાસની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે તેને મજબૂત કરવી અને સામુદાયિક જીવનની સમૃધ્ધ પ્રણાલીને વધારે વિસ્તૃત કરવી. જે સતત પ્રયત્નની જરૂર છે તે વિકટ હશે. પરંતું તેના પરિણામમાં મહત્વપૂર્ણ અને અર્થસભર સંભવના છે, નવું ચરણ શરૂ કરવાની પણ. નાના નાના પગલાં, જો તે નિયમિત અને ઝડપી હોય તો, તે લાંબા અંતરની યાત્રા પુરી કરી શકે છે. પ્રારંભિક સમયમાં- જેમકે, બસોમી જન્મજ્યંતિઓ પહેલાના છ ચક્રો દરમિયાન- કલસ્ટરોમાં જે પ્રગતિ આવશ્યકપણે કરવાની છે, તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં - મિત્રો પુરા પાંચ વર્ષિય યોજનાના ઉદ્દેશો તેમની પહોંચની અંદર આવી જાય તેના માટે ઘણું બધું કરશે. દરેક ચક્રમાં આગળ વધવા માટેની ઝડપથી પસાર થઈ રહેલ સંભવનાઓ સમાયેલી છે, અમુલ્ય સંભવનાઓ જે ફરીથી નહિ આવે.

ખરેખર, સમાજમાં વ્યાપક પ્રમાણમાં, આત્માની લગાતાર ગહન થતી જતી અસ્વસ્થતાના લક્ષણો વધી રહ્યા છે અને વધારે ખરાબ થઈ રહ્યા છે. જ્યારે દુનિયાના લોકો સાચા ઉપચારની શોધમાં કષ્ટ ઉઠાવી રહ્યા છે અને એક થી બીજી જુઠી આશા તરફ વળી રહ્યા છે ત્યારે, કેટલું નોંધપાત્ર છે કે, તમે સામુહિક રીતે એક 'યંત્ર'ને નિખારી રહ્યા છો જે હૃદયોને 'ઈશ્વરના શબ્દો' સાથે જોડે છે જે શાશ્વત છે. કેટલું ઉલ્લેખનીય છે કે, અટલ માન્યતાઓ અને વિરોધી હિતોના કોલાહલ જેમાં ચારેબાજુ ઉગ્ર વધારો થઈ રહ્યો છે તેની વચ્ચે, તમારૂં ધ્યાન લોકોને સાથે લઈને એવા સમુદાયોનું નિર્માણ કરવા ઉપર કેન્દ્રિત છે જે એકતાના સ્વર્ગ છે. દુનિયાના પૂર્વાગ્રહો અને વિરોધોને, તમને હતોત્સાહિત થવા દેવાને બદલે, તમને સ્મરણ કરવાવાળા બનવા દો કે, તમારી આજુબાજુના આત્માઓને એવા આરોગ્યદાયી મલમની જરૂર છે જે માત્ર તમે જ તેમને આપી શકો છો.

પાંચ વર્ષિય યોજનાનીક્રમિક શ્રેણીમાં આ છેલ્લી યોજના છે. તેના સમાપન પર, 'દિવ્ય યોજના'ના વિકાસમાં એક નવીન ચરણનો પ્રારંભ થશે, જે બહાઈ સમુદાયને 'બહાઈ યુગ'ની ત્રીજી સદીમાં આગળ લઈ જવા પ્રેરિત કરવા માટે હશે. ઈશ્વર કરે, દરેક રાષ્ટ્રમાં, ઈશ્વરના મિત્રો, આવનારા આ કેટલાક વર્ષોના વચનની કદર કરે, જે તેના કરતાં પણ અધિક મહાન કાર્ય, જે હજું આવવાનું બાકી છે, તેને પુરૂં કરવા માટેની કઠોર તૈયારી હશે. વર્તમાન યોજનાનું વ્યાપક ક્ષેત્ર દરેક વ્યક્તિને, ભલે તેનો હિસ્સો ગમે તેટલો નાનો હોય છતાં, આ કાર્યમાં તેનું યોગદાન આપવા યોગ્ય બનાવે છે. પ્રિય સહ-કાર્યકરો, વિશ્વના પરમ પ્રિયત્તમના આરાધક, તમે જે કંઈ શીખ્યા છો અને તમે જે કોઈ પ્રભુ-પ્રદત્ત ક્ષમતા અને કૌશલ્યો હાંસલ કર્યા છે તેનાથી 'દિવ્ય યોજના'ને આગળના આવશ્યક ચરણમાં લઈ જવા માટે ભરચક પ્રયત્ન કરો. સ્વર્ગીય સહાયતાની આપની ઉત્કંઠ યાચનામાં, જેઓ બધાને શમાવી લેતા પ્રભુધર્મ માટે પુરૂષાર્થ કરી રહ્યા છે તે બધા વતી, અમો પાવન સમાધિઓ પર અમારી પ્રાર્થના કરીએ છીએ.

*વિશ્વ ન્યાય મંદિર*